# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ મેક્રોન સાથે ફોન પર વાત કરી

21 ઑગસ્ટ, 2025

આજે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને ફ્રેન્ચ રિપબ્લિકના રાષ્ટ્રપતિ મહામહિમ ઇમેન્યુઅલ મેક્રોન તરફથી ફોન કૉલ આવ્યો છે.

યુક્રેન અને પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં સંઘર્ષોના શાંતિપૂર્ણ નિરાકરણ માટે ચાલી રહેલા પ્રયાસો પર નેતાઓએ વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

રાષ્ટ્રપતિ મેક્રોને વોશિંગ્ટનમાં યુરોપ, અમેરિકા અને યુક્રેનના નેતાઓ વચ્ચે થયેલી તાજેતરની બેઠકો પર મૂલ્યાંકન શેર કર્યું. તેમણે ગાઝામાં પરિસ્થિતિ પર પોતાનો દ્રષ્ટિકોણ પણ શેર કર્યા હતો.

પ્રધાનમંત્રીએ સંઘર્ષોના શાંતિપૂર્ણ સમાધાન અને શાંતિ અને સ્થિરતાની વહેલી તકે પુનઃસ્થાપના માટે ભારતના સતત સમર્થનનો પુનરોચ્ચાર કર્યો.

નેતાઓએ વેપાર, સંરક્ષણ, નાગરિક પરમાણુ સહકાર, ટેકનોલોજી અને ઊર્જા સહિત દ્વિપક્ષીય સહકાર એજન્ડામાં પ્રગતિની પણ સમીક્ષા કરી હતી. તેમણે ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા અને 2026 ને 'નવીનતાના વર્ષ' તરીકે યોગ્ય રીતે ચિહ્નિત કરવા માટે સંયુક્ત પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી.

રાષ્ટ્રપતિ મેક્રોને ભારત અને EU વચ્ચે મુક્ત વેપાર કરારના વહેલા નિષ્કર્ષ માટે પણ સમર્થન આપ્યું.

નેતાઓ તમામ મુદ્દાઓ પર સંપર્કમાં રહેવા માટે સંમત થયા.

નવી દિલ્લી

21 ઑગસ્ટ, 2025